# આપણું યુજીવીસીએલ

ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ

અંક-૩૩, નવેમ્બર - ડિસેમ્બર ૨૦૧૫



**હિંમતનગર ખાતે નવનિર્મિત મકાનનું લોકાર્પણ કરતા શ્રી રજનીકાંતભાઈ પટેલ, માનનીય ગૃહ રાજ્યમંત્રી, ગુજરાત રાજ્ય**



# આ અંકમાં


**વર્ષ–૬ અંક–૩૩, નવેમ્બર – ડિસેમ્બર ૨૦૧૫**
**ફક્ત આંતરિક વિતરણ માટે પ્રકાશિત**

**સંરક્ષક**
શ્રી અનુપમ આનંદ, આઈએએસ
મેનેજિંગ ડિરેક્ટર,
ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ

**સંપાદક**
શ્રી કે. કે. સથવારા, મેનેજર (કોર્પોરેટ કમ્યુનિકેશન)
શ્રી શૈલેશ એ. નાયક, આસિસ્ટન્ટ મેનેજર (પબ્લિક રીલેશન્સ)

**તંત્રી મંડળ**
શ્રી જે. એમ. પટેલ, કાર્યવાહક મુખ્ય ઇજનેર (ઓપરેશન)
શ્રી એ. કે. મંગલ, કાર્યવાહક મુખ્ય ઇજનેર (પી.એન્ડ પી.)
શ્રી આર. બી. કોઠારી, જનરલ મેનેજર (ફાઇનાન્સ)
શ્રી એ. સી. પ્રજાપતિ, વિશેષ મહાપ્રબંધક (એચ.આર.)
શ્રી એન. એમ. જોષી, કંપની સેક્રેટરી
શ્રી બી. પી. બુચ, અધિક્ષક ઇજનેર, સાબરમતી
શ્રી પી. બી. પંડ્યા, અધિક્ષક ઇજનેર, પાલનપુર
શ્રી એચ. એમ. રામી, અધિક્ષક ઇજનેર, મહેસાણા
શ્રી એચ. ડી. રાઠોડ, અધિક્ષક ઇજનેર, હિંમતનગર

**પ્રૂફરીડિંગ :** જ્યોત્સનાબહેન રાઠોડ,
સિનિયર આસિસ્ટન્ટ, કોર્પોરેટ ઓફિસ, મહેસાણા

**પ્રકાશક**
ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ
રજિસ્ટર્ડ અને કોર્પોરેટ ઑફિસ
વિસનગર રોડ, મહેસાણા-૩૮૪ ૦૦૧
www.ugvcl.com

**સંકલન અને સર્જન**
www.aalekhan.com


**આ અંક આપને કેવો લાગ્યો?**

આપનાં સૂચનો કે પ્રકાશન માટેની માહિતી, લેખ, કાવ્યો વગેરે આપ નીચેનાં ઇમેઇલ આઇડી પર મોકલી શકો છો.


cs@ugvcl.in
managercc@ugvcl.in
sanaik_41262@yahoo.co.in
cccell@ugvcl.com



સંકલન : ૩૧/૧૨/૨૦૧૫


## આ અંકમાં


**લોકાર્પણ**
» હિંમતનગર ખાતે નવનિર્મિત મકાનનું લોકાર્પણ કરતા શ્રી રજનીકાંતભાઈ પટેલ, માનનીય ગૃહ રાજ્યમંત્રી, ગુજરાત રાજ્ય........૦૪

**બેડમિન્ટન**
» ૧૦મી ઇન્ટર કંપની બેડમિન્ટન ટુર્નામેન્ટનું મહેસાણા ખાતે આયોજન........૦૬

**બઢતી**
» ઇન્ચાર્જ મુખ્ય ઇજનેર (ઓપરેશન) તરીકે નિયુક્ત થતા શ્રી બી.પી. બુચ........૦૭

**ટેઇની કોઇટ**
» ૧૦મી ઇન્ટર સર્કલ ટેઇની કોઇટ ટુર્નામેન્ટનું સાબરમતી ખાતે આયોજન........૦૮

**સન્માન**
» પાટણ વિભાગીય કચેરી ખાતે કાર્યરત કર્મચારી ધિરાણ મંડળીને ઉત્કૃષ્ટ કામગીરી માટે તૃતિય સ્થાન પ્રાપ્ત કરવા બદલ શીલ્ડ તથા પ્રશસ્તિપત્ર એનાયત........૦૯

**કેરમ**
» ૧૦મી ઇન્ટર સર્કલ કેરમ ટુર્નામેન્ટમાં પુરૂષ વિભાગમાં શ્રી જી.એસ. વોરા જ્યારે મહિલા વિભાગમાં શ્રીમતી એચ.એ. ચાવડા ચેમ્પિયન........૧૦

**વિદાય**
» શ્રી જે.એમ. પટેલ કાર્યવાહક મુખ્ય ઇજનેરનો વિદાય સમારંભ........૧૨

**સ્કાડા**
» 'સ્કાડા' - વીજ વિક્ષેપ નિવારવા અંગે મહત્ત્વનો પ્રોજેક્ટ...૧૩

**પ્રતિભાવ**
» કુદરતી આપત્તિમાં કંપની દ્વારા કરવામાં આવેલ ત્વરિત વીજ પુનઃસ્થાપનની કામગીરી માટે ગ્રાહકો તરફથી મળેલ પ્રોત્સાહક પ્રતિભાવો........૧૪

**કાવ્યધારા**
» ખરતું પાંદડું........૧૫
» અભરખા........૧૫
» કણસે કણ........૧૫



**વર્ષ ૨૦૧૪-૧૫ના વર્ષમાં સહકારીક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી કરવા બદલ આપણી પાટણ ખાતેની કર્મચારી ધિરાણ અને ગ્રાહક સહકારી મંડળીને 'પગારદાર કર્મચારીઓની ધિરાણ'ની કામગીરી માટે તૃતિય ક્રમે સ્થાન પ્રાપ્ત કરવા બદલ શીલ્ડ અને પ્રશસ્તિપત્ર ગુજરાત રાજ્ય સરકાર સંઘ દ્વારા આપવામાં આવેલ છે.**

# સંદેશ

**પ્રિય કર્મચારી મિત્રો,**

*લોકો માટે એટલી લાગણી રાખો કે તમને પોતાના અંગ જેવા લાગે. તમને અનુભવ થાય કે તમે અને તેઓ, ગરીબ અને શ્રીમંત, સંત અને પાપી એ બધા જેને તમે 'બ્રહ્મ' કહો છો તે અનંત-અખંડ અંશ છે.*

**- સ્વામી વિવેકાનંદ**

દિવાળીનું વિક્રમ સંવત ૨૦૭૨નું વર્ષ આપ સર્વેને સુખ-શાંતિ, સમૃદ્ધિ અને આરોગ્યપ્રદ રહે તેવી શુભેચ્છા પાઠવુ છું. સુખી થવાની ફોર્મ્યુલા છે- જિંદગીમાં બિનજરૂરી અપેક્ષાઓ ન રાખો. સાચુ પુછો તો કોઈ અપેક્ષાઓ જ ન રાખો. જિંદગી જે કાંઈ આપે તે હસતે ચેહરે અપનાવી લેનારને જિંદગી ઘણી બધી માનસિક પીડાથી બચાવી લે છે. નવા વર્ષમાં એવા સંકલ્પ સિદ્ધ કરો કે જે આપને અને કંપનીને વિકાસની નવી ઉંચાઈ તરફ લઈ જાય.

તાજેતરમાં આપણા મૂલ્યવર્ધિત ગ્રાહકો અને કર્મચારીઓને વધુ સારી સેવાઓ આપી શકાય તેવા ઉમદા હેતુથી નવનિર્મિત મકાનોના લોકાર્પણના કાર્યક્રમો યોજ્યા છે. કર્મચારીઓ વધુ કાર્યક્ષમતાથી કંપનીની કામગીરી કરી "સર્વોત્તમ સેવા થકી ગ્રાહકોને સંતોષ" આપવાના ઉદ્દેશને પરિપૂર્ણ કરે તે માટે અનુરોધ કરું છું.

તા. ૧૪થી ૨૧ ડિસેમ્બર દરમ્યાન આપણે વીજબચત સપ્તાહ ઉજવીએ છીએ. ઓફિસમાં આપણે વીજળીના સાધનોનો વિવેકપૂર્ણ ઉપયોગ કરીશું તો ગ્રાહકોને પણ પ્રેરણા આપી શકીશું.

વર્ષ ૨૦૧૪-૧૫ના વર્ષમાં સહકારીક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી કરવા બદલ આપણી પાટણ ખાતેની કર્મચારી ધિરાણ અને ગ્રાહક સહકારી મંડળીને 'પગારદાર કર્મચારીઓની ધિરાણ'ની કામગીરી માટે તૃતિય ક્રમે સ્થાન પ્રાપ્ત કરવા બદલ શીલ્ડ અને પ્રશસ્તિપત્ર ગુજરાત રાજ્ય સરકાર સંઘ દ્વારા આપવામાં આવેલ છે. યશસ્વી કામગીરી માટે મંડળના તમામ સભ્યોને હૃદયપૂર્વક અભિનંદન પાઠવું છું અને સહકારી ક્ષેત્રે યશસ્વી કામગીરી કરીને 'સંઘ શક્તિ'નો પરિચય આપેલ છે જેને હું બિરદાવું છું અને અન્ય કર્મચારી મંડળીઓ પ્રેરણા લે તે માટે અનુરોધ કરું છું.

વર્ષ ૨૦૧૫ની વિદાય સાથે આગમન થયેલ ૨૦૧૬ના વર્ષને વધાવીને આપ સર્વેને નવા વર્ષની ખૂબ ખૂબ શુભેચ્છાઓ પાઠવું છું.

**તા. ૩૧-૧૨-૨૦૧૫**

**અનુપમ આનંદ,** આઈએએસ
મેનેજિંગ ડિરેક્ટર, યુજીવીસીએલ

# હિંમતનગર ખાતે નવનિર્મિત મકાનનું લોકાર્પણ કરતા શ્રી રજનીકાંતભાઈ પટેલ, માનનીય ગૃહ રાજ્યમંત્રી, ગુજરાત રાજ્ય



તા. ૧ જાન્યુઆરી ૨૦૧૬ના રોજ હિંમતનગર વર્તુળ કચેરીના તાબા હેઠળની હિંમતનગર વિભાગીય કચેરી, હિંમતનગર (શહેર) અને મહેતાપુરા પેટા વિભાગીય કચેરીના રૂપિયા ૨,૨૬,૪૮,૯૬૧ના ખર્ચે તૈયાર થયેલ તેમજ કંપનીના કુલ ૧૩૦ જેટલા અધિકારીઓ તથા કર્મચારીઓને બેસવાની સગવડ મળે તેવા નવનિર્મિત મકાનનો લોકાર્પણ સમારંભ ગુજરાત રાજ્યના રજ્યકક્ષાના ગૃહમંત્રી શ્રી રજનીકાંતભાઈ પટેલના વરદ્ હસ્તે યોજાયેલ. આ પ્રસંગે સંસદસભ્ય સાબરકાંઠા, શ્રી દીપસિંહ રાઠોડ, ધારાસભ્ય શ્રી રાજેન્દ્રસિંહ ચાવડા, કંપનીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી અનુપમ આનંદ, કલેક્ટર સાબરકાંઠા, શ્રી પી. સ્વરૂપ, જિલ્લા વિકાસ અધિકારી સાબરકાંઠા શ્રી નાગરાજન એન., જિલ્લા પોલીસ અધિક્ષક સાબરકાંઠા શ્રી પ્રવિણચંદ્ર માલ, પ્રમુખ, નગરપાલિકા હિંમતનગર, શ્રીમતી નીલાબેન પટેલ, પ્રમુખશ્રી ભારતીય જનતા પાર્ટી સાબરકાંઠા શ્રી પૃથ્વીરાજભાઈ સી. પટેલ, ઉપપ્રમુખ નગરપાલિકા શ્રી અનિરૂધ્ધભાઈ, મુખ્ય ઇજનેર (પીએન્ડપી) શ્રી એ.કે. મંગલ, જનરલ મેનેજર (ફાઈનાન્સ) શ્રી આર.બી. કોઠારી, કંપનીના ઉચ્ચ અધિકારીઓ તથા વિશાળ સંખ્યામાં કર્મચારીઓ, નગરજનો તથા પ્રિન્ટ અને ઇલેક્ટ્રોનિક્સ મીડિયાના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહેલ.

કાર્યક્રમની શરૂઆત કંપનીના ગૌરવ ગીત દ્વારા કરવામાં આવેલ. ત્યારબાદ કંપનીના કર્મચારી શ્રી કૈલાશભાઈપુવાર દ્વારા પ્રાર્થના ગીત રજૂ કરવામાં આવેલ. માણેક કૃપા વિદ્યામંદિર હિંમતનગરની બાળાઓ દ્વારા સ્વાગત ગીત ગાઈને સુંદર નૃત્ય રજૂ કરેલ. જેને ઉપસ્થિત શ્રોતાઓએ તાળીઓના ગડગડાટથી વધાવી લીધેલ.

કંપનીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી અનુપમ આનંદ દ્વારા ઉપસ્થિત મહાનુભાવોનું શબ્દોથી સ્વાગત કરવામાં આવેલ. ભારતની અગ્રગણ્ય વીજ વિતરણ કંપની હોવાનું ગૌરવ







વ્યક્ત કરી પ્રોસ્તાહાત્મક બાબત ગણાવેલ. ભાડાના મકાનમાંથી પોતાના મકાનમાં વધુ કાર્યદક્ષતાથી કામ કરવા કર્મચારીઓને અનુરોધ કરેલ. સર્વોત્તમ સેવા થકી ગ્રાહકને સંતોષ આપવાના ધ્યેયને સિધ્ધ કરવા હાકલ કરેલ. ત્યારબાદ ઉપસ્થિત મહાનુભાવોનું આપણી પરંપરા મુજબ બૂકે આપીને સ્વાગત કરવામાં આવેલ.

પ્રાસંગિક ઉદ્‌બોધનમાં હિંમતનગરના ધારાસભ્ય શ્રી રાજેન્દ્રસિંહ ચાવડાએ અગાઉના જીઈબી અને હાલની કંપનીકરણની પરિસ્થિતિમાં વીજ વિતરણની પરિસ્થિતિમાં આવેલ આમૂલ પરિવર્તનની હકારાત્મક નોંધ લીધેલ. ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ દ્વારા ભારતમાં પ્રથમ અમલમાં મુકવામાં આવેલ જ્યોતિગ્રામ યોજના અંગે કંપનીનો આભાર વ્યક્ત કરેલ. સમગ્ર ભારતમાં વીજ વિતરણ ક્ષેત્રે ગુજરાતની કામગીરી શ્રેષ્ઠ હોવાનું ગૌરવ વ્યક્ત કરી કર્મચારીઓનો આભાર માનેલ. અમલીકરણ માટે ગુજરાત રાજ્યના તત્કાલિન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીને યાદ કરેલ. છ માસ પહેલા ઉત્તર ગુજરાતમાં અતિ પુરને લીધે ઊભી થયેલ પરિસ્થિતિમાં ખૂબ જ ઝડપથી વીજ વિતરણ પુનઃસ્થાપિત કરીને કંપનીના કર્મચારીઓએ કરેલ પ્રસંશનીય કામગીરીને યાદ કરીને બિરદાવેલ.

સાબરકાંઠાના સંસદ સભ્ય શ્રી દીપસિંહ રાઠોડે પોતાના વક્તવ્યમાં જણાવેલ કે,






વીજળી એ આજના સમયને અતિ આવશ્યક જરૂરિયાત છે. કર્મચારી અને ગ્રાહકોને નવનિર્મિત મકાન દ્વારા સગવડો આપીને તેઓની કાર્યદક્ષતામાં વધારો કરી શકાય છે તેવું મંતવ્ય રજૂ કરેલ. સમૃદ્ધ અને ગતિશીલ ગુજરાત માટે વીજ વિતરણનું સુદ્રઢ માળખુ જરૂરી હોવાનું જણાવેલ. વીજ વિક્ષેપની ફરિયાદોના ત્વરીત નિકાલ માટેની કંપનીની કટિબદ્ધતાની પ્રસંશા કરેલ.

સમારંભના મુખ્ય મહેમાન અને ગુજરાત રાજ્યના રાજ્યકક્ષાના ગૃહમંત્રી શ્રી રજનીકાંતભાઈ પટેલે પોતાના પ્રાસંગિક ઉદ્‌બોધનમાં ગુજરાત વિદ્યુત બોર્ડના પુનર્ગઠન બાદ અસ્તિત્વમાં આવેલ ગુજરાતની ચાર વીજ વિતરણ કંપની પૈકી ઉત્તર ગુજરાત વીજ કંપની લી. દ્વારા કંપનીકરણ બાદના નવ વર્ષના ગાળામાં ૧૪ (ચૌદ) જેટલા રાષ્ટ્રીય અને રાષ્ટ્રીય કક્ષાના એવોર્ડ્ઝ પ્રાપ્ત કરીને ભારતની અગ્રગણ્ય વીજ વિતરણ કંપની તરીકે પ્રસ્થાપિત થયેલ છે તેની નોંધ લીધેલ અને વીજ વિતરણ ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી માટે ભારત સરકાર તરફથી 'ગોલ્ડ શીલ્ડ' પ્રાપ્ત કરી પ્રથમ પંક્તિની વીજ વિતરણ કંપની તરીકેની ખ્યાતિ પ્રાપ્ત કરી સમગ્ર ભારતમાં ગુજરાતને ગૌરવ અપાવેલ છે જે બદલ અભિનંદન પાઠવેલ.

ગ્રાહકોને વધુ સારી વીજ વિતરણ વ્યવસ્થાનો લાભ મળે તે માટે ખેતીવાડી ક્ષેત્રે અને રહેણાંક વિસ્તારમાં સુચારૂ સંકલન માટે તાજેતરમાં ''પાયલોટ એડવાન્સ્ડ ટ્રાન્સફોર્મર''નો આવિષ્કાર કરી સમગ્ર ભારતમાં સતત ૨૪ કલાક વીજ વિતરણ વ્યવસ્થા પૂરી પાડી શકાય તે દિશામાં મહત્ત્વની કામગીરી કરેલ છે જે માટે કંપનીના કર્મઠ ઇજનેરોને અભિનંદન પાઠવેલ છે.





**શરૂઆતમાં 'વીજળી' જાય તો આવતી નોહતી અને હવે આવે છે તો જતી નથી**
**-શ્રી રજનીકાંતભાઈ પટેલ**

છ માસ પહેલા ઉત્તર ગુજરાતના વિસ્તારમાં અતિ વરસાદને લીધે વીજ વિતરણ વ્યવસ્થાને થયેલ પારાવાર નુકસાનના નિવારણ માટે સરકારશ્રી તરફથી જે સૂચનાઓ પાઠવવામાં આવેલ તેનો ત્વરીત અમલ કરી વીજ પુરવઠો પુનઃસ્થાપિત કરવાની કામગીરી બદલ સરકારશ્રી દ્વારા હકારાત્મક નોંધ લઈને યશસ્વી કામગીરી કરવા બદલ કંપનીના સંનિષ્ઠ કર્મચારીઓનું સન્માન કરવામાં આવેલ જે માટે ગૌરવની લાગણી અનુભવેલ. વધુમાં તેઓએ અગાઉના સમયનો ઉલ્લેખ કરીને જણાવેલ કે, ''શરૂઆતમાં 'વીજળી' જાય તો આવતી નો હતી અને હવે આવે છે તો જતી નથી.''

સર્વોત્તમ સેવા થકી ગ્રાહકને સંતોષ આપવાના ઉદ્દેશને પરિપૂર્ણ કરવાના કંપનીના પ્રયત્નોના સરકારવતી સાક્ષી હોવાનું જણાવેલ. કંપનીના ગ્રાહકો અને કર્મચારીઓને વધુ સારી સગવડતા આપવા માટે અદ્યતન મકાનો બનાવવામાં આવે છે જેથી વધુ કાર્યક્ષમતાથી કંપનીની કામગીરી થઈ શકે. નવીન અદ્યતન મકાનની સગવડતા પ્રાપ્ત કરનાર તમામ કર્મચારીઓને અભિનંદન પાઠવી ગ્રાહકોને વધુ સારી સેવા દ્વારા સંતોષ આપવાનો પ્રયાસ થશે તેવી અપેક્ષા વ્યક્ત કરેલ.

કાર્યક્રમના અંતમાં અધિક્ષક ઈજનેર હિંમતનગર શ્રી એચ.ડી. રાઠોડ દ્વારા કાર્યક્રમમાં ઉપસ્થિત અને સહયોગ આપનાર તમામ મહાનુભાવોનો આભાર વ્યક્ત કરેલ. શ્રી યોગેશભાઈ રાવલ તથા નાયબ ઈજનેર શ્રી કે.ડી. બારોટ દ્વારા સમગ્ર કાર્યક્રમનું સંકલન કરવામાં આવેલ. હિંમતનગર સર્કલના અધિકારીઓ અને કર્મચારીઓ દ્વારા કાર્યક્રમનું આયોજન કરીને સફળ બનાવેલ. ■

# ૧૦મી ઈન્ટર કંપની બેડમિન્ટન ટુર્નામેન્ટનું મહેસાણા ખાતે આયોજન

## પુરૂષ વિભાગમાં શ્રી કમલ સીંધી જ્યારે મહિલા વિભાગમાં શ્રીમતી શિલ્પાબેન પટેલ ચેમ્પિયન


ઉદ્‌ઘાટન સમારંભ


સિંગલ્સ ચેમ્પિયન


સિંગલ્સ રનર્સ-અપ


સિંગલ્સ ચેમ્પિયન


સિંગલ્સ રનર્સ-અપ


ડબલ્સ ચેમ્પિયન


ડબલ્સ રનર્સ-અપ


ડબલ્સ ચેમ્પિયન


ડબલ્સ રનર્સ-અપ

તા. ૬-૯-૨૦૧૫ના રોજ મહેસાણા વર્તુળ કચેરીના યજમાન પદે વણીકર કલબ મહેસાણા ખાતે ૧૦મી ઈન્ટર સર્કલ બેડમિન્ટન ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવેલ. સદર ટુર્નામેન્ટમાં ઉત્તર ગુજરાત વીજ કંપની લી. હસ્તકની ચાર વર્તુળ કચેરી તેમજ રજીસ્ટર્ડ અને કોર્પોરેટ ઓફિસના ભાઈઓ તથા બહેનોની ટીમોએ ઉત્સાહભેર ભાગ લીધેલ.

ટુર્નામેન્ટના ઉદ્‌ઘાટન સમારંભમાં વિશેષ મુખ્ય ઈજનેર (સિવિલ) શ્રી પી.જે. ત્રિવેદી, વિશેષ મહાપ્રબંધક શ્રી એ.સી. પ્રજાપતિ, પર્સોનલ ઓફિસર શ્રી એસ.એલ. પટેલ ઉપસ્થિત રહીને ખેલાડીઓને પ્રોત્સાહિત કરેલ. ટુર્નામેન્ટમાં ભાગ લેનાર ખેલાડીઓને ટુર્નામેન્ટમાં સફળ થવા માટે શુભેચ્છાઓ પાઠવવામાં આવેલ. ટુર્નામેન્ટના સમાપન સમારંભમાં વિશેષ મુખ્ય ઈજનેર (સિવિલ) શ્રી પી.જે. ત્રિવેદી અને નાયબ ઈજનેર શ્રી કમલ

### ઈન્ટર સર્કલ બેડમિન્ટન ટુર્નામેન્ટમાં વિજેતા પુરૂષોની યાદી

| નામ | હોદ્દો | કામનું સ્થળ | પરિણામ |
|---|---|---|---|
| શ્રી કે.એસ. સિંધી | ડેપ્યુટી એન્જિનીયર | રજી.ઓફિસ મહેસાણા | ચેમ્પિયન |
| શ્રી પી.આઈ. વાવડિયા | સિનિયર આસિસ્ટન્ટ | રજી.ઓફિસ મહેસાણા | રનર્સ-અપ |

### ઈન્ટર સર્કલ બેડમિન્ટન ટુર્નામેન્ટમાં વિજેતા મહિલાઓની યાદી

| નામ | હોદ્દો | કામનું સ્થળ | પરિણામ |
|---|---|---|---|
| શ્રીમતી શિલ્પાબહેન એ. પટેલ | જુનિયર ઈજનેર | સર્કલ ઓફિસ હિંમતનગર | ચેમ્પિયન |
| કુ. રિનાબહેન એમ. જયસ્વાલ | જુનિયર ઈજનેર | હિંમતનગર (શહેર) પેટાવિભાગીય કચેરી | રનર્સ-અપ |

### ઈન્ટર સર્કલ બેડમિન્ટન ટુર્નામેન્ટમાં ડબલ્સ વિજેતા પુરૂષોની યાદી

| નામ | હોદ્દો | કામનું સ્થળ | પરિણામ |
|---|---|---|---|
| શ્રી પી.જે. ત્રિવેદી | વિશેષ મુખ્ય ઈજનેર (સિવિલ) | રજી.ઓફિસ, મહેસાણા | ચેમ્પિયન |
| શ્રી પી.આઈ. વાવડિયા | સિનિયર આસિસ્ટન્ટ | રજી.ઓફિસ મહેસાણા | ચેમ્પિયન |
| શ્રી કે.એસ. સીંધી | ડેપ્યુટી એન્જિનીયર | રજી.ઓફિસ મહેસાણા | રનર્સ-અપ |
| શ્રી જે.એચ. બોરીસાગર | જુનિયર ઈજનેર | રજી.ઓફિસ મહેસાણા | રનર્સ-અપ |

### ઈન્ટર સર્કલ બેડમિન્ટન ટુર્નામેન્ટમાં ડબલ્સ વિજેતા મહિલાઓની યાદી

| નામ | હોદ્દો | કામનું સ્થળ | પરિણામ |
|---|---|---|---|
| શ્રીમતી દિનાબહેન જે. રાવલ | સીની. આસી. | બોપલ સબડિવિઝન | ચેમ્પિયન |
| શ્રીમતી જે.આર. ગજ્જર | જુની. આસી. | ચિલોડા-૨ સબડિવિઝન | ચેમ્પિયન |
| શ્રીમતી શિલ્પાબહેન એ. પટેલ | જુની. ઈજનેર | સર્કલ ઓફિસ, હિંમતનગર | રનર્સ-અપ |
| કુ. રિનાબહેન એમ. જયસ્વાલ | જુની. ઈજનેર | હિંમતનગર (શહેર) પેટાવિભાગીય કચેરી | રનર્સ-અપ |

### ઈન્ટર કંપની બેડમિન્ટન ટુર્નામેન્ટ માટે પસંદગી પામેલ પુરૂષોની ટીમ યુજીવીસીએલ

| કર્મચારીનું નામ | હોદ્દો | કામનું સ્થળ |
|---|---|---|
| શ્રી કે.એસ. સિંધી | ડેપ્યુટી એન્જિનીયર | રજી. ઓફિસ મહેસાણા |
| શ્રી પી.આઈ. વાવડિયા | સિનિયર આસિસ્ટન્ટ | રજી.ઓફિસ મહેસાણા |
| શ્રી પી.જે. ત્રિવેદી | વિશેષ મુખ્ય ઈજનેર | રજી.ઓફિસ મહેસાણા |
| શ્રી જે.એચ. બોરીસાગર | જુનિયર ઈજનેર | રજી.ઓફિસ મહેસાણા |
| શ્રી જે.જી. શાહ | જુનિયર એન્જિનીયર | અડાલજ પે.વિ.કચેરી |
| **સ્ટેન્ડ બાય ખેલાડી** | | |
| શ્રી પી.પી. પ્રજાપતી | ઈલેક્ટ્રીકલ આસી. | મહેસાણા ઈન્ડસ્ટ્રીયલ સબડિવિઝન |
| શ્રી એમ.એચ. સોલંકી | સિનિયર આસિસ્ટન્ટ | મહેસાણા સર્કલ ઓફિસ |

### ઈન્ટર કંપની બેડમિન્ટન ટુર્નામેન્ટ માટે પસંદગી પામેલ મહિલાઓની ટીમ યુજીવીસીએલ

| કર્મચારીનું નામ | હોદ્દો | કામનું સ્થળ |
|---|---|---|
| શ્રીમતી શિલ્પાબેન એ. પટેલ | જુનિયર ઈજનેર | સર્કલ ઓફિસ, હિંમતનગર |
| કુ. રિનાબેન એમ. જયસ્વાલ | જુનિયર ઈજનેર | હિંમતનગર (શહેર) પે.વિ.કચેરી |
| શ્રીમતી દિનાબેન જે. રાવલ | સિનિયર આસિસ્ટન્ટ | બોપલ પે.વિ.કચેરી |
| શ્રીમતી જે.આર. ગજ્જર | જુનિયર આસિસ્ટન્ટ | ચિલોડા-૨ પે.વિ.કચેરી |
| **સ્ટેન્ડ બાય ખેલાડી** | | |
| એસ.સી. પરમાર | જુનિયર આસિસ્ટન્ટ | ચિલોડા-૧ પે.વિ.કચેરી |
| શ્રીમતી પી.આર. બેંકર | જુનિયર આસિસ્ટન્ટ | મહેસાણા ડિવિઝન ઓફિસ |

સીંધી જેઓએ આ ટુર્નામેન્ટના ખેલાડી તરીકે પણ ભાગ લીધેલ હતો તેમના વરદ હસ્તે વિજેતા ખેલાડીઓને ટ્રોફી-ટીશર્ટ અને મોમેન્ટો અર્પણ કરેલ. આગામી ઈન્ટર કંપની ટુર્નામેન્ટમાં સફળ થવા માટે શુભેચ્છાઓ પાઠવવામાં આવેલ. મહેસાણા સર્કલ દ્વારા ટુર્નામેન્ટનું સફળ આયોજન હાથ ધરવામાં આવેલ. ■

## બઢતી

## ઈન્ચાર્જ મુખ્ય ઈજનેર (ઓપરેશન) તરીકે નિયુક્ત થતા શ્રી બી.પી. બુચ

તારીખ ૧-૧-૨૦૧૬ના રોજ કંપનીની રજીસ્ટર્ડ અને કોર્પોરેટ ઓફિસ ખાતે શ્રી બી.પી. બુચ અધિક્ષક ઈજનેર, સાબરમતી સર્કલને વિશેષ મુખ્ય ઈજનેર તરીકે બઢતી મળતા તેઓએ ચાર્જ સંભાળી



લીધેલ છે. શ્રી બુચને મુખ્ય ઈજનેર (ઓપરેશન) તરીકે ચાર્જ આપવામાં આવેલ છે. તા. ૭-૯-૧૯૮૧ના રોજ જૂનાગઢ જિલ્લાના પોરબંદર ખાતે જુનિયર ઈજનેર તરીકે કારકિર્દી શરૂ કરનાર શ્રી બુચ પોરબંદર, જૂનાગઢ, ગાંધીગ્રામ સીટી, સિદ્ધપુર વિભાગીય કચેરી, એએલડીસી ગાંધીનગર, વિજાપુર વિભાગીય કચેરી, ગાંધીનગર વિભાગીય કચેરી, હિંમતનગર સર્કલ, સાબરમતી સર્કલ ખાતે વિવિધ હોદ્દા પર ફરજ બજાવીને કુલ ૩૪ (ચોત્રીસ) વર્ષનો અનુભવ પ્રાપ્ત કરેલ છે. ઈન્ચાર્જ મુખ્ય ઈજનેર તરીકે કંપનીની ધૂરા સંભાળનાર શ્રી બુચને યુજીવીસીએલ પરિવાર ખૂબ ખૂબ અભિનંદન આપે છે અને ભાવિ સફળ કામગીરી અંગે શુભેચ્છા પાઠવે છે. ■

# ૧૦મી ઈન્ટર સર્કલ ટેઈની કોઈટ ટુર્નામેન્ટનું સાબરમતી ખાતે આયોજન

## નીતાબેન સાટોડીયા ચેમ્પિયન જ્યારે એચ.વી. સુથાર રનર્સ-અપ

તા. ૪-૧૦-૨૦૧૫ના રોજ સાબરમતી ખાતે ૧૦મી ઈન્ટર સર્કલ ટેઈની કોઈટ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવેલ. માત્ર મહિલાઓ માટે આયોજન કરવામાં આવતી સદર ટુર્નામેન્ટમાં કંપનીની બહેનોએ ઉત્સાહભેર ભાગ લીધેલ. રસાકસીભરી રમતને અંતે સિંગલ્સમાં નીતાબેન સાટોડીયા ચેમ્પિયન થયેલ છે જ્યારે એચ.વી. સુથાર રનર્સ-અપ થયેલ.

સદર ટુર્નામેન્ટના ઉદ્‌ઘાટન સમારંભમાં સાબરમતી વિભાગીય કચેરીના કાર્યપાલક ઈજનેર શ્રી ટી.વી. ધરાજીયા, સહાયક સચિવ શ્રી એલ.એમ. મહિડા, એચ.આર.



ઉદ્‌ઘાટન સમારંભ

એક્ઝિક્યુટીવ શ્રી પ્રણવ બ્રહ્મભટ્ટ ઉપસ્થિત રહેલ. દિપપ્રાગટ્ય બાદ પ્રત્યક્ષરીતે મેદાન ઉપર જઈને ટેઈની કોઈટની રમત રમીને ટુર્નામેન્ટને ખુલ્લી મુકવામાં આવેલ.

ટુર્નામેન્ટના સમાપન સમારંભમાં વિજેતા ખેલાડીઓને ટ્રોફી-ટીશર્ટ અને મોમેન્ટો અર્પણ કરવામાં આવેલ. પ્રાસંગિક ઉદ્‌બોધનમાં શ્રી ધરાજીયાએ ખેલાડીઓની પાંખી હાજરીને લઈને આગામી ટુર્નામેન્ટમાં અન્ય મહિલા ખેલાડીઓને પ્રોત્સાહિત કરીને રમવા માટે અનુરોધ કરવા જણાવેલ.

ઈન્ટર કંપની ટુર્નામેન્ટ માટે શુભેચ્છાઓ પાઠવેલ તેમજ કંપની દ્વારા કર્મચારીઓને




ઈન્ટર કંપની ટેઈની કોઈટ ટુર્નામેન્ટ માટેની ટીમ યુજીવીસીએલ



સિંગલ્સ ચેમ્પિયન



ડબલ્સ રનર્સ-અપ



ડબલ્સ ચેમ્પિયન



સિંગલ્સ રનર્સ-અપ

**તા. ૨૪થી ૨૬ ઓક્ટોબર ૨૦૧૫ દરમ્યાન ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રીસીટી કોર્પોરેશનના યજમાન પદે ધુવારણ ખાતે યોજાયેલ ૧૦મી ઈન્ટર કંપની ટેઈની કોઈટ ટુર્નામેન્ટમાં સુંદર પ્રદર્શન કરીને કંપનીના ખેલાડી નીતાબેન સાટોડીયા ઓલઈન્ડિયા ઈલેક્ટ્રીસીટી સ્પોર્ટ્સ કંટ્રોલ બોર્ડ માટેની ટેઈની કોઈટ ટુર્નામેન્ટ માટે પસંદગી પામેલ છે અને યુજીવીસીએલનું ગૌરવ વધારેલ છે. યુજીવીસીએલ પરિવાર તેઓને આગામી ટુર્નામેન્ટ માટે ખૂબ ખૂબ શુભેચ્છા પાઠવે છે.**

**૧૦મી ઈન્ટર સર્કલ ટેઈની કોઈટ ટુર્નામેન્ટમાં વિજેતાઓની યાદી**

| નામ | હોદ્દો | કામનું સ્થળ | પરિણામ |
|---|---|---|---|
| નીતાબેન સાટોડીયા | જુનિયર આસિસ્ટન્ટ | બોપલ વિભાગીય કચેરી | ચેમ્પિયન |
| એચ.વી. સુથાર | જુનિયર આસિસ્ટન્ટ | આર.એસ.ઓ. નારોલ | રનર્સ-અપ |

### ૧૦મી ઈન્ટર સર્કલ ટેઈની કોઈટ ટુર્નામેન્ટમાં ડબલ્સ વિજેતાઓની યાદી

| નામ | હોદ્દો | કામનું સ્થળ | પરિણામ |
|---|---|---|---|
| નીતાબેન સાટોડીયા | જુનિયર આસિસ્ટન્ટ | બોપલ વિભાગીય કચેરી | ચેમ્પિયન |
| એચ.વી. સુથાર | જુનિયર આસિસ્ટન્ટ | આર.એસ.ઓ. નારોલ | ચેમ્પિયન |
| પી.બી. પટેલ | સિનિયર આસિસ્ટન્ટ | ડીસા-૨ સબડિવિઝન | રનર્સ-અપ |
| એન.આર. પરમાર | જુનિયર આસિસ્ટન્ટ | સિદ્ધપુર (રૂરલ) સબડિવિઝન | રનર્સ-અપ |

### ૧૦ ઈન્ટર કંપની ટેઈની કોઈટ ટુર્નામેન્ટ માટે પસંદગી પામેલ મહિલાઓની ટીમ યુજીવીસીએલ

| કર્મચારીનું નામ | હોદ્દો | કામનું સ્થળ |
|---|---|---|
| નીતાબેન સાટોડીયા | જુનિયર આસિસ્ટન્ટ | બોપલ વિભાગીય કચેરી |
| એચ.વી. સુથાર | જુનિયર આસિસ્ટન્ટ | આર.એસ.ઓ. નારોલ |
| પી.બી. પટેલ | સિનિયર આસિસ્ટન્ટ | ડીસા-૨ સબડિવિઝન |
| એન.આર. પરમાર | જુનિયર આસિસ્ટન્ટ | સિદ્ધપુર (રૂરલ) સબડિવિઝન |
| **સ્ટેન્ડ બાય ખેલાડી** | | |
| એ.એલ. પઢિયાર | જુનિયર આસિસ્ટન્ટ | ડીસા-૨ સબડિવિઝન |

રમત-ગમત ક્ષેત્રે પ્રોત્સાહિત કરવાના અભિગમની પ્રસંશા કરેલ. કોર્પોરેટ ઓફિસ દ્વારા ટુર્નામેન્ટની ફાળવણી કરવા બદલ આભાર વ્યક્ત કરેલ.

ટુર્નામેન્ટમાં રેફી તરીકે શ્રી મેહુલભાઈ કોરડીયાએ સેવા આપેલ. જ્યારે સાબરમતી સર્કલ દ્વારા બનાવવામાં આવેલ સ્પોટ્સ કમિટીના સભ્ય શ્રી પ્રફુલ ભંડેરી, શ્રી આર.પી. હુડા, શ્રી ડી.એમ. ત્રિવેદી, શ્રી એસ.એ. ઠાકોર તથા શ્રી જી.એલ. રાણા દ્વારા ટુર્નામેન્ટને સફળ બનાવવા માટે જહેમત ઉઠાવેલ.

ઉદ્‌ઘાટન તથા સમાપન સમારંભનું સફળ સંચાલન શ્રી આર.પી. હુડા દ્વારા કરવામાં આવેલ. ■

## પાટણ વિભાગીય કચેરી ખાતે કાર્યરત કર્મચારી ધિરાણ મંડળીને ઉત્કૃષ્ટ કામગીરી માટે તૃતિય સ્થાન પ્રાપ્ત કરવા બદલ શીલ્ડ તથા પ્રશસ્તિપત્ર એનાયત

તા. ૨૫-૧૨-૨૦૧૫ના રોજ પાટણ ખાતે સંતોકબા હોલમાં ગુજરાત સહકારી સંઘ અમદાવાદ તરફથી યોજાયેલ કાર્યક્રમમાં વર્ષ ૨૦૧૪-૧૫ની કામગીરી માટે આપણી કંપની હસ્તકની પાટણ વિભાગીય કચેરી ખાતે કાર્યરત કર્મચારી ધિરાણ અને ગ્રાહક સહકારી મંડળીને ઉત્કૃષ્ટ કામગીરી માટે તૃતિય સ્થાન પ્રાપ્ત કરવા બદલ શીલ્ડ તથા પ્રશસ્તિપત્ર એનાયત કરીને સન્માનિત કરવામાં આવેલ છે.

સદર પુરસ્કાર પાટણ જિલ્લાની લગભગ ૩૦૦ જેટલી મંડળીઓની કામગીરીની સરખામણીએ પ્રાપ્ત થયેલ છે. સદર કાર્યક્રમમાં મંડળીના સેક્રેટરી શ્રી હર્ષદભાઈ વાઢેરને આમંત્રિત મુખ્ય મહેમાન શ્રી લાલેશભાઈ ઠક્કર, કોર્પોરેટર પાટણ નગરપાલિકાના વરદ હસ્તે અર્પણ કરવામાં આવેલ.





ગુજરાત રાજ્ય સહકારી સંઘ
'સહયોગ', રિલીફ રોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૧

રાજ્યમાં ઉત્તમ કામ કરનાર સહકારી મંડળીઓ માટેની સ્પર્ધા

ગુજરાત રાજ્ય સહકારી સંઘ, અમદાવાદ યોજિત સને ૨૦૧૪-૧૫ ના વર્ષમાં ઉત્તમ કામ કરનાર પગારદાર કર્મચારીઓની ધિરાણ સહકારી મંડળીઓ માટે સને ૨૦૧૫-૧૬ ના વર્ષમાં યોજવામાં આવેલ શિલ્ડ સ્પર્ધામાં તૃતિય સ્થાન પ્રાપ્ત કરવા બદલ ઉત્તર ગુજરાત વીજ કંપની લી.ના કર્મચારીઓની ધિરાણ અને ગ્રાહક સહકારી મંડળી લિ., જિ.પાટણને સિલ્ડ અને પ્રશસ્તિપત્રથી પુરસ્કૃત કરવામાં આવે છે.

અમદાવાદ
તારીખ : ૨૯/૧૦/૨૦૧૫

અધ્યક્ષ
ગુજરાત રાજ્ય સહકારી સંઘ
અમદાવાદ

આ કાર્યક્રમના ઉદ્‌ઘાટનમાં શ્રી બલવંતસિંહ રાજપૂત, ધારાસભ્ય, સિદ્ધપુર, મુખ્ય મહેમાન તરીકે શ્રી ગૌરવભાઈ એન. પટેલ, ચેરમેનશ્રી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, ઊંઝા, અતિથી વિશેષ તરીકે શ્રી બી.એમ. બાવરવા, ડેપ્યુટી ડાયરેક્ટર, એન.આઈ.સી.એમ., ગાંધીનગર તથા શ્રી વાસુદેવભાઈ પુરોહિત, અધ્યક્ષ, પાટણ જિલ્લા સહકારી સંઘ ઉપસ્થિત રહેલ, મંડળીના પ્રમુખ તરીકે શ્રી રમેશભાઈ એમ.પટેલ તથા ઉપપ્રમુખ તરીકે શ્રી ચિરાગભાઈ એમ. ચૌહાણ ફરજ બજાવી રહેલ છે.

યુજીવીસીએલ પરિવાર આ સિદ્ધિ બદલ ગૌરવની લાગણી અનુભવે છે. કર્મચારી ધિરાણ મંડળી તમામ હોદ્દેદારો અને કર્મચારીઓને ખૂબ ખૂબ અભિનંદન પાઠવે છે, તેમજ ભવિષ્યમાં વધુ સારી કામગીરી માટે શુભેચ્છાઓ પાઠવે છે. ■

# ૧૦મી ઈન્ટર સર્કલ કેરમ ટુર્નામેન્ટમાં પુરૂષ વિભાગમાં શ્રી જી.એસ. વોરા જ્યારે મહિલા વિભાગમાં શ્રીમતી એચ.એ. ચાવડા ચેમ્પિયન

તા. ૨૨-૮-૨૦૧૫ અને તા. ૨૩-૮-૨૦૧૫ દરમ્યાન અંબાજી ખાતે આવેલ પ્રજાપતિ ભવનમાં ૧૦મી ઈન્ટર સર્કલ કેરમ ટુર્નામેન્ટનું આયોજન પાલનપુર સર્કલ ઓફિસના યજમાનપદે કરવામાં આવેલ. સદર ટુર્નામેન્ટમાં ઉત્તર ગુજરાત વીજ કંપની લી. હસ્તકની પાલનપુર, હિંમતનગર, સાબરમતી, મહેસાણા અને કોર્પોરેટ ઓફિસના ખેલાડી ભાઈઓ અને બહેનોએ ઉત્સાહભેર ભાગ લીધેલ.

સદર ટુર્નામેન્ટમાં વ્યક્તિગત પુરૂષ વિભાગમાં પાલનપુર આર.એસ.ઓ. ખાતે સિનિયર આસિસ્ટન્ટ તરીકે ફરજ બજાવતા શ્રી જી.એસ. વોરા ચેમ્પિયન બનેલ છે જ્યારે શ્રી કે.એન. રાવલ સિનિયર સ્ટેનોગ્રાફર સાબરમતી સર્કલ રનર્સ-અપ થયેલ છે. જ્યારે મહિલા વિભાગની વ્યક્તિગત સ્પર્ધામાં શ્રીમતી એચ.એ. ચાવડા, પટાવાળા, નરોડા સબડિવિઝન ચેમ્પિયન બનેલ છે જ્યારે કુ. એન.આર. પરમાર જુનિયર આસિસ્ટન્ટ, સિદ્ધપુર વિભાગીય કચેરી રનર્સ-અપ થયેલ છે. ખૂબ જ ઉત્સાહભર્યા વાતાવરણમાં યોજાયેલ આ ટુર્નામેન્ટના ઉદ્‌ઘાટન સમારંભમાં શ્રી એમ.કે. હીરવાણીયા નાયબ ઈજનેર, અંબાજી સબડિવિઝન તથા શ્રી વી.આર. પ્રજાપતિ જુનિયર ઈજનેર, પાલનપુર સબડિવિઝન ઉપસ્થિત રહીને ખેલાડીઓને પ્રોત્સાહિત કરેલ.

પ્રાસંગિક ઉદ્‌બોધનમાં શ્રી હીરવાણીયાએ ટુર્નામેન્ટ સફળ બને તે રીતે રમવા ખેલાડીઓને અનુરોધ કરીને ટુર્નામેન્ટમાં




દિપપ્રાગટ્ય

સફળ થવા માટે શુભેચ્છાઓ પાઠવેલ. ઉપસ્થિત મહાનુભાવોનું બૂકે દ્વારા સ્વાગત કરીને દિપપ્રાગટ્ય કર્યા બાદ પ્રત્યક્ષરીતે કેરમ રમીને ટુર્નામેન્ટ વિધિવત રીતે ખુલ્લી મુકવામાં આવેલ. કંપનીની પરંપરા મુજબ કર્મચારી પોતાની કારકિર્દી દરમ્યાન જે તે રમતમાં લાંબો સમય સુધી ભાગ લીધેલ હોય તેઓનું સન્માન કરવામાં આવતું હોય છે. જે મુજબ શ્રી સી.આર. પરમાર, સિનિયર આસિસ્ટન્ટ, હિંમતનગર વિભાગીય કચેરી તથા શ્રી આર. ડી. રાવલ, ગેસ્ટહાઉસ મેનેજરનું શાલ ઓઢાડીને સ્નામિત કરવામાં આવેલ છે. બંને

### ઈન્ટર સર્કલ કેરમ ટુર્નામેન્ટમાં સિંગલ્સ વિજેતા પુરૂષોની યાદી

| નામ | હોદ્દો | કામનું સ્થળ | પરિણામ |
|---|---|---|---|
| શ્રી જી.એસ. વોરા | સિનિયર આસિસ્ટન્ટ | પાલનપુર આર.એસ.ઓ. | ચેમ્પિયન |
| શ્રી કે.એન. રાવલ | સિનિયર સ્ટેનોગ્રાફર | સાબરમતી સર્કલ | રનર્સ-અપ |

### ઈન્ટર સર્કલ કેરમ ટુર્નામેન્ટમાં સિંગલ્સ વિજેતા મહિલાઓની યાદી

| નામ | હોદ્દો | કામનું સ્થળ | પરિણામ |
|---|---|---|---|
| શ્રીમતી એચ.એ. ચાવડા | પટાવાળા | નરોડા સબડિવિઝન | ચેમ્પિયન |
| કુ. એન.આર. પરમાર | જુનિયર આસિસ્ટન્ટ | સિદ્ધપુર વિ.ક. | રનર્સ-અપ |



સિંગલ્સ ચેમ્પિયન



સિંગલ્સ રનર્સ-અપ



ડબલ્સ ચેમ્પિયન



ડબલ્સ રનર્સ-અપ



નિવૃત્ત થઈ રહેલ સન્માનિત ખેલાડી




ઈન્ટર કંપની માટેની મહિલાઓની ટીમ



સિંગલ્સ ચેમ્પિયન



સિંગલ્સ રનર્સ-અપ



ડબલ્સ ચેમ્પિયન



ડબલ્સ રનર્સ-અપ



નિવૃત્ત થઈ રહેલ સન્માનિત ખેલાડી




ઈન્ટર કંપની માટેની પુરૂષોની ટીમ

### ઈન્ટર સર્કલ કેરમ ટુર્નામેન્ટમાં ડબલ્સ વિજેતા પુરૂષોની યાદી

| નામ | હોદ્દો | કામનું સ્થળ | પરિણામ |
|---|---|---|---|
| શ્રી કે.એન. રાવલ | સીની. સ્ટેનો. | સાબરમતી સર્કલ | ચેમ્પિયન |
| શ્રી એસ.એ. ઠાકર | પટાવાળા | સાબરમતી સર્કલ | ચેમ્પિયન |
| શ્રી જી.એસ. વોરા | સિનિયર આસિસ્ટન્ટ | પાલનપુર આર.એસ.ઓ. | રનર્સ-અપ |
| શ્રી સી.એમ. દેસાઈ | સિનિયર આસિસ્ટન્ટ | પાલનપુર વિ.ક.-૧ | રનર્સ-અપ |

### ઈન્ટર સર્કલ કેરમ ટુર્નામેન્ટમાં ડબલ્સ વિજેતા મહિલાઓની યાદી

| નામ | હોદ્દો | કામનું સ્થળ | પરિણામ |
|---|---|---|---|
| કુ. એન.આર. પરમાર | જુનિયર આસિસ્ટન્ટ | સિદ્ધપુર ડિવિઝન | ચેમ્પિયન |
| કુ. ટી.બી. મોઢ | સિનિયર આસિસ્ટન્ટ | છાપી સબડિવિઝન | ચેમ્પિયન |
| શ્રીમતી ડી.એન. દવે | સિનિયર આસિસ્ટન્ટ | સાબરમતી ડિવિઝન | રનર્સ-અપ |
| કુ. પી.કે. પરમાર | જુનિયર આસિસ્ટન્ટ | સાંતેજ સબડિવિઝન | રનર્સ-અપ |

### ઈન્ટર કંપની કેરમ ટુર્નામેન્ટ માટે પસંદગી પામેલ પુરૂષોની ટીમ યુજીવીસીએલ

| કર્મચારીનું નામ | હોદ્દો | કામનું સ્થળ |
|---|---|---|
| શ્રી જી.એસ. વોરા | સિનિયર આસિસ્ટન્ટ | પાલનપુર આર.એસ.ઓ. |
| શ્રી કે.એન. રાવલ | સિનિયર સ્ટેનોગ્રાફર | સાબરમતી સર્કલ |
| શ્રી એન.કે. નીનામા | સિનિયર આસિસ્ટન્ટ | જાદર, સબડિવિઝન |
| શ્રી એમ.એચ. સોલંકી | સિનિયર આસિસ્ટન્ટ | મહેસાણા સર્કલ |
| શ્રી આર.ડી. રાવલ | ગેસ્ટહાઉસ મેનેજર | સાબરમતી સર્કલ |
| શ્રી એસ.એ. ઠાકર | પટાવાળા | સાબરમતી સર્કલ |

### ઈન્ટર કંપની કેરમ ટુર્નામેન્ટ માટે પસંદગી પામેલ મહિલાઓની ટીમ યુજીવીસીએલ

| કર્મચારીનું નામ | હોદ્દો | કામનું સ્થળ |
|---|---|---|
| શ્રીમતી એચ.એ. ચાવડા | પટાવાળા | નરોડા સબડિવિઝન |
| કુ. એન.આર. પરમાર | જુનિયર આસિસ્ટન્ટ | સિદ્ધપુર વિ.ક. |
| કુ. ટી.બી. મોઢ | સિનિયર આસિસ્ટન્ટ | છાપી સબડિવિઝન |
| શ્રીમતી ડી.એન. દવે | સિનિયર આસિસ્ટન્ટ | સાબરમતી ડિવિઝન |

ખેલાડીઓ દ્વારા રમત-ગમતક્ષેત્રે તેઓને થયેલ અનુભવ અંગે પોતાના પ્રતિભાવ વ્યક્ત કરેલ. નિવૃત્ત થનાર ખેલાડીઓને તમામ ખેલાડીઓ વતે નિવૃત્તિ અંગેની ખૂબ ખૂબ શુભેચ્છાઓ પાઠવવામાં આવેલ.

ટુર્નામેન્ટના સમાપન સમારંભમાં શ્રી એમ.કે. હીરવાણીયા, નાયબ ઈજનેર, અંબાજીએ વિજેતા ખેલાડીઓને ટ્રોફી-ટીશર્ટ અને મોમેન્ટો અર્પણ કરેલ. ટુર્નામેન્ટ બાદ ઈન્ટર કંપની કેરમ ટુર્નામેન્ટ માટે ખેલાડીઓની પસંદગી કરવામાં આવેલ. ટુર્નામેન્ટમાં રેફી તરીકે અમદાવાદ એલ.આઈ.સી.ના કર્મચારી શ્રી જયદિપભાઈ નાયર તથા કંપનીના નિવૃત્ત કર્મચારી શ્રી એમ.એમ. સૈયદે સેવાઓ આપી ટુર્નામેન્ટનું સફળ સંચાલન કરેલ. ટુર્નામેન્ટના ઉદ્‌ઘાટન અને સમાપન સમારંભનું સંચાલન શ્રી સ્નેહલકુમાર જોષી, જુનિયર આસિસ્ટન્ટ, વડગામ સબડિવિઝન દ્વારા સફળતાપૂર્વક કરવામાં આવેલ. પાલનપુર સર્કલ ઓફિસની સ્પોર્ટ્સ કમિટી દ્વારા સમગ્ર કાર્યક્રમનું આયોજન સફળતાપૂર્વક કરેલ. ■

# શ્રી જે.એમ. પટેલ કાર્યવાહક મુખ્ય ઈજનેરનો વિદાય સમારંભ










તા. ૩૧-૧૨-૨૦૧૫ના રોજ વય મર્યાદાને લીધે નિવૃત્ત થનાર શ્રી જે.એમ. પટેલ, વિશેષ મુખ્ય ઈજનેર કે જેઓ મુખ્ય ઈજનેર (ઓપરેશન)નો ચાર્જ ધરાવતા હતા, તેમના વિદાય સમારંભનું આયોજન કંપનીના નવનિર્મિત મકાનના કોન્ફરન્સ હોલ ખાતે કરવામાં આવેલ.

આ પ્રસંગે કંપનીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી અનુપમ આનંદ, મુખ્ય ઈજનેર (પીએન્ડપી) શ્રી એ.કે. મંગલ, જનરલ મેનેજર (ફાઇનાન્સ) શ્રી આર.બી. કોઠારી, કંપનીના ઉચ્ચ અધિકારીઓ અને કર્મચારીભાઈઓ તથા બહેનોએ વિશાળ સંખ્યામાં હાજરી આપેલ. શ્રી એ.સી. પ્રજાપતિ, વિશેષ મહાપ્રબંધક (એચ.આર.) દ્વારા સ્વાગત પ્રવચનમાં ઉપસ્થિત મહાનુભાવોને આવકારી શ્રી જે.એમ. પટેલને નિવૃત્તિ અંગેની શુભેચ્છાઓ પાઠવેલ. શ્રી એસ.એ. પટેલ, અધિક્ષક ઈજનેર (ટેક), શ્રી જે.એમ. પટેલ સાથેના સંસ્મરણો વાગોળીને નિવૃત્તિ અંગેની શુભેચ્છાઓ પાઠવેલ.

શ્રી આર.બી. કોઠારી, જનરલ મેનેજર (ફાઇનાન્સ) શ્રી જે.એમ. પટેલના શાલીન અને સરળ સ્વભાવની નોંધ લઈને તેઓને ઉચ્ચ સત્તાધીશો સાથે કામગીરીમાં સારું સંકલન કરવાની ક્ષમતા હોવાનું જણાવી નિવૃત્તિ અંગેની શુભેચ્છાઓ પાઠવેલ.

નિવૃત્ત થઈ રહેલ શ્રી જે.એમ. પટેલે પોતાના અનુભવો યાદ કરીને કારકિર્દી દરમ્યાન સાથ અને સહકાર આપનાર તમામ કર્મચારીઓ અને અધિકારીઓને હૃદયપૂર્વક આભાર માનેલ.

નિવૃત્તિ સમારંભમાં પ્રથમ વખત હાજર રહેલ કંપનીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી અનુપમ આનંદે શ્રી જે.એમ. પટેલનું શેષ જીવન સુખ, શાંતિ, સમૃદ્ધિ અને આરોગ્યપ્રદ રહે તેવી શુભેચ્છા પાઠવેલ. કારકિર્દી દરમ્યાન તેઓએ આપેલ સેવાઓને બિરદાવેલ. ભવિષ્યમાં જરૂર પડ્યે તેઓની સેવા પ્રાપ્ત કરવાની ખાત્રી મેળવેલ.

આ પ્રસંગે વિશેષ મહાપ્રબંધક (એચ. આર.)એ બૂકેથી શ્રી જે.એમ. પટેલનું સ્વાગત કરેલ. શ્રી એ.કે. મંગલ, કાર્યવાહક મુખ્ય ઈજનેરે શ્રી જે.એમ. પટેલને શાલ ઓઢાડીને સન્માન કરેલ. જનરલ મેનેજર (ફાઇનાન્સ) શ્રી આર.બી. કોઠારીએ આર્થિક લાભો અંગેનો ચેક અર્પણ કરેલ. જ્યારે કંપનીના મેનેજિંગ ડિરેક્ટરશ્રીએ સન્માનપત્ર આપીને સન્માનિત કરેલ.

નિવૃત્ત થયેલ શ્રી જે.એમ. પટેલની કારકિર્દી તરફ નજર કરીએ તો તા. ૧૬-૯-૧૯૮૦ના રોજ જામનગર ખાતે ૧૩૨ કેવી સબસ્ટેશન ખાતે જુનિયર ઈજનેર તરીકે નોકરીની શરૂઆત કરેલ. ૧૮મી માર્ચ ૧૯૮૧માં જામનગર સબડિવિઝન ખાતે બદલી મેળવેલ. તા. ૧-૧-૧૯૮૨ના રોજ જામનગર ટ્રાન્સમીશન ડિવિઝન ખાતે અને ત્યારબાદ તા. ૨૯-૪-૧૯૮૩ના રોજ ધીણોજ સબડિવિઝન ખાતે બદલી મેળવેલ. તા. ૩-૩-૧૯૮૯ના રોજ ડિસા કન્સ્ટ્રક્શન સબડિવિઝન ખાતે નાયબ ઈજનેર તરીકે બઢતી મેળવેલ. તા. ૪-૧-૧૯૯૨ના રોજ ૨૨૦ કેવી કંસારી સબસ્ટેશન ખાતે કંપનીના હિતમાં બદલી મેળવેલ. તા. ૬-૮-૧૯૯૪થી સિદ્ધપુર ૧૩૨ કેવી સબસ્ટેશન ખાતે તેમજ તા. ૩-૭-૨૦૦૦ના રોજ મહેસાણા (ગ્રામ્ય) પેટાવિભાગીય કચેરી ખાતે વિનંતીથી બદલી મેળવેલ. તા. ૫-૨-૨૦૦૮થી કાર્યપાલક ઈજનેર તરીકે કંપનીની રજીસ્ટર્ડ અને કોર્પોરેટ ઓફિસ ખાતે જ્યારે તા. ૧-૭-૨૦૧૩ના રોજ રજીસ્ટર્ડ અને કોર્પોરેટ ઓફિસ ખાતે જ અધિક્ષક ઈજનેર તરીકે બઢતી મેળવેલ. તા. ૩-૩-૨૦૧૪ના રોજ કંપનીના હિતમાં તેઓને હિંમતનગર ખાતે બદલી કરવામાં આવેલ અને છેલ્લે તા. ૭-૯-૨૦૧૫ના રોજથી તેઓ કંપનીની રજીસ્ટર્ડ અને કોર્પોરેટ ઓફિસ ખાતે વિશેષ મુખ્ય ઈજનેર તરીકે બઢતી મેળવેલ અને મુખ્ય ઈજનેર (ઓપરેશન) તરીકે હવાલો સંભાળી કાર્યરત હતા. તા. ૩૧-૧૨-૨૦૧૫ના રોજ તેઓ પોતાની સફળ કામગીરી કર્યા બાદ સેવા નિવૃત્ત થયેલ છે.

અંતમાં શ્રી વી.એચ. અસારી, ઔદ્યોગિક સબંધિત અધિકારીએ સદર કાર્યક્રમમાં ઉપસ્થિત અધિકારીઓનો અને કર્મચારીઓને આભાર વ્યક્ત કરેલ. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી કે.ડી. બારોટ, નાયબ ઈજનેરે કરેલ. આઈ.આર. વિભાગના કર્મચારીઓ દ્વારા સફળ આયોજન હાથ ધરેલ. ■

# 'સ્કાડા' - વીજ વિક્ષેપ નિવારવા અંગે મહત્ત્વનો પ્રોજેક્ટ



ઉત્તર ગુજરાત વીજ કંપની દ્વારા 'સર્વોત્તમ સેવા થકી ગ્રાહકોને સંતોષ' આપવાના અવિરત પ્રયત્નો હાથ ધરવામાં આવે છે. વીજ વિતરણની કામગીરી વધુ કાર્યક્ષમ બને તે માટે સતત કામગીરી કંપનીના તજજ્ઞ ઇજનેરો દ્વારા હાથ ધરવામાં આવે છે.

વીજ વિતરણ ક્ષેત્રે ભારતની અન્ય કંપનીઓ જ્યારે મથામણ કરી રહી છે તેવા સંજોગોમાં યુજીવીસીએલ એવા પ્રકારની કામગીરી કરી રહી છે જેનું અનુકરણ સમગ્ર દેશને કરવું પડે અને સમગ્ર દેશને ફાયદો થાય. જેને લીધે ભારત સરકાર દ્વારા વીજ વિતરણ ક્ષેત્રમાં નવીન કામગીરી હાથ ધરવી હોય તો ગુજરાત રાજ્યને અને ખાસ કરીને ઉત્તર ગુજરાત વીજ કંપનીને પ્રાધાન્ય આપીને પાઇલોટ પ્રોજેક્ટ હાથ ધરવાની કામગીરી સોંપે છે. જેનું ઉત્તમ ઉદાહરણ 'સ્માર્ટ ગ્રીડ' અને 'સ્કાડા'ના પ્રોજેક્ટસ્ છે.


'સ્કાડા' પ્રોજેક્ટ અંતર્ગત વીજ વિતરણની વ્યવસ્થા વધુ સુદૃઢ બને તે માટે વીજ વિક્ષેપની સમસ્યા હલ કરવા ઉપર ભાર મુકવામાં આવેલ છે.

વીજ વિક્ષેપની સમસ્યા સર્જાય તેવા સમયે ઓછામાં ઓછા સમયમાં અન્ય સંલગ્ન ફિડર ઉપરથી વીજ વિતરણ કરી શકાય તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવેલ છે. વીજ વિક્ષેપને કારણે વીજ પુરવઠો બંધ










થવાને લીધે મહેસુલી આવકમાં જે નુકસાન થાય છે તે નિવારી શકાય છે, જેથી કંપનીની મહેસુલી આવકમાં વધારો થાય અને ત્વરીત વીજ પુરવઠો પૂરો પાડવાને લીધે ગ્રાહકોને સતત વીજ પુરવઠો પુરો પાડવાનો સંતોષ આપી શકાય.

ભારત સરકારે વીજ કંપનીમાં માળખાકીય સુધારા થાય તે અર્થે ૨૦૦૮-૨૦૦૯માં ભારતના જુદા જુદા રાજ્યમાં RAPDRP પ્રોજેક્ટ અમલમાં મૂક્યો. જેના એક ભાગ રૂપે આપણી કંપની દ્વારા SCADA (Supervisory



Control and Data Acquisition System) પ્રોજેક્ટનો વિસ્તૃત અહેવાલ મિનિસ્ટ્રી ઓફ પાવર (ભારત સરકાર)માં રજૂ કરેલ. મિનિસ્ટ્રી ઓફ પાવર દ્વારા રૂ.૩૩.૮૨ કરોડ ગ્રાન્ટ પેટે મંજૂર કરવામાં આવેલ છે.

આ પ્રોજેક્ટ યુજીવીસીએલમાં સાબરમતી વર્તુળ કચેરી સંલગ્નમાં આવતા સાબરમતી, બોપલ તથા ગાંધીનગરમાં કાર્યરત કરવામાં આવનાર છે. આ પ્રોજેક્ટ અંતર્ગત ૧૨ સબડિવિઝન અને ૧૯ સબ સ્ટેશન આવરી લેવામાં આવેલ છે.

આ પ્રોજેક્ટમાં માળખાગત સુવિધાઓ જેવી કે RMU મૂકવા, કંડકટરની ક્ષમતા વધારવી વગેરે કાર્ય અર્થે યુજીવીસીએલ કંપની દ્વારા બીજા ૭૫ કરોડ રૂપિયા SCADA PART-B પ્રોજેક્ટ અંતર્ગત મંજૂર કરવામાં આવેલ છે. આ પ્રોજેક્ટના રિમોટ ઓપરેશન અર્થે ગાંધીનગર ખાતે SCADA કંટ્રોલ રૂમ બનાવવાની કામગીરી કાર્યરત છે.

આ પ્રોજેક્ટના અમલીકરણથી કંપનીની ઓપરેશન ક્ષમતામાં વધારો થશે. જેથી ગ્રાહકને વધુ સારો વીજ પૂરવઠો આપવામાં મદદ મળશે.

આ યોજનાનો મુખ્ય હેતુ અવિરત, ગુણવત્તાસભર પાવર ગ્રાહક સુધી પહોંચાડી ગ્રાહકના સંતોષમાં વધારો કરવો. ગ્રાહકનો સંતોષ એ જ અમારો મુદ્રાલેખ. ■

# પ્રતિભાવ

## કુદરતી આપત્તિમાં કંપની દ્વારા કરવામાં આવેલ ત્વરિત વીજ પુનઃસ્થાપનની કામગીરી માટે ગ્રાહકો તરફથી મળેલ પ્રોત્સાહક પ્રતિભાવો

L. Chuaungo, IAS
Principal Secretary

Energy & Petrochemicals Department
Government of Gujarat

Dated 14th Aug. 2015

Dear Shri Anupam,

The heavy rains and storms which lashed Gujarat during July, 2015 caused massive damage to our power supply system, plunging thousands of villages in darkness. You and your team rised to the occasion and respored power supply within a few days by working efficiently and dedicatedly day and night. The works done by you and your team members have been widely appreciated.

It is very proud privilege to convey appreciations for the outstanding works performed and accomplished. Kindly convey this appreciation to all members of your team.

With Best Wishes,

( L. Chuaungo )

---

॥ वंदे भारत मातरम् ॥

**જાહેર આમંત્રણ**

શ્રી વિવેકાનંદ યુવા વર્તુળ, ગઢ
આયોજીત

**વિજકર્મી સન્માન સમારોહ**

તાજેતરમાં આપણે સૌએ અતિવૃષ્ટિ તેમજ ભયંકર વાવાઝોડાનો બિહામણો અનુભવ કર્યો જેમાં આ કુદરતી આફતમાં અનેક મકાનો, વૃક્ષો ધરાશાયી થઇ ગયા અને અનેક માનવીઓ તેમજ પશુઓ પણ આ આફતનો ભોગ બન્યા. આ સમયે આજના સમયની માનવીની પ્રથમ જરૂરીયાત એવી વિજળી ગુલ થઇ ગઇ. વિજળીના અનેક થાંભલાઓ પણ જમીન દોસ્ત થઇ ગયા અને અંધારપટ છવાઇ ગયો પરંતુ ઉ.ગુ.વિ.કંપની અને તેના નિષ્ઠાવાન, કર્તવ્યનિષ્ઠ ટેકનિકલ સ્ટાફે અડગ મનોબળ દાખવી ખડાપગે પ્રતિકુળ વાતાવરણમાં પણ ગઢ અને આજુબાજુના વિસ્તારમાં માત્ર કલાકોમાં વિજળીની સુવિધા પુરી પાડી પોતાની ફરજનું ઉત્તમ ઉદાહરણ પુરૂ પાડ્યુ છે. ત્યારે અમો અમારા ઉપરોક્ત મંડળ દ્વારા સૌ ગ્રામજનો તેમજ સ્વૈચ્છિક સંસ્થાઓના સહયોગથી ઉ.ગુ.વિ.કંપની ગઢ સબ ડીવીઝનમાં ફરજ બજાવતા **"ટેકનિકલ સ્ટાફનું સન્માન"** કરવાના નાનકડા કાર્યક્રમનું આયોજન કરેલ છે. જેમાં આપની ઉપસ્થિતિ અમારા કાર્યક્રમને શોભાવશે એવી અપેક્ષા સાથે આપ હાજરી આપશો તેવી વિનંતી.

તારીખ : ૧૪-૮-૨૦૧૫, શુક્રવાર
સમય : બપોરે ૩-૦૦ કલાકે.
સ્થળ : ઉ.ગુ.વિ. કંપની ગઢ ઓફીસ

**:: આમંત્રિત મહેમાનો ::**

માન. શ્રી પી. બી. પંડ્યા (સુપ્રિ. એન્જીનીયર, યુ.જી.વી.સી.એલ., પાલનપુર)
માન. શ્રી માવજીભાઇ એમ. દેસાઇ (ચેરમેન, માર્કેટ યાર્ડ, ડીસા)
માન. શ્રી બી. એસ. પરમાર (કાર્ય. ઇ., યુ.જી.વી.સી.એલ., પાલનપુર-૧)
માન. શ્રી એલ. એ. ગઢવી (કાર્ય. ઇ., યુ.જી.વી.સી.એલ., પાલનપુર-૨)
માન. શ્રી કે. એસ. ગામેતી (નાયબ ઇજનેર, યુ.જી.વી.સી.એલ., ગઢ)

**:: આશીર્વચન ::**

સ્વામી આનંદ રાજેન્દ્ર (આનંદધામ, પાલનપુર.)

**:: સૌજન્ય ::**

- સુભાષભાઇ સી. શાહ
- મગનભાઇ વી. ભુટકા
- નંદુભાઇ સાધુ
- રમેશભાઇ જોષી
- શ્રી મોમાઇ એચ.પી. ગેસ એજન્સી, ગઢ
- શ્રી નિલકમલ મંડપ, ગઢ
- કરસનભાઇ ભટોળ
- દિનેશભાઇ રાણા

**:: નિમંત્રક ::**

**અમૃતભાઇ વી. દેસાઇ**
(પ્રમુખ : શ્રી વિવેકાનંદ યુવા વર્તુળ, ગઢ તથા વર્તુળટીમ)

---

Sir,

During the period starting from 27th July, the area falling under your division experienced heavy rains accompanied by strong winds which resulted in extensive damage to the power distribution network. This, naturally, had an adverse effect on our production as we are solely dependent on UGVCL for our power requirement.

We would like to express our deep appreciation and sincere thanks for your crucial support during this period in normalizing the power supply to our installations in the minimum possible time.

Your efforts enabled us to resume our operations with minimum oil production loss at our installations and seek your cooperation in future also towards making the country self-reliant in its energy needs.

Thanking you.

J Datta 20.8.15
J L Datta
GM (P) – SM

ओएनजीसी ONGC
जे. एल. दत्ता
महाप्रबंधक (उत्पादन)
भूतल दल प्रबंधक
J. L. DATTA
General Manager (Production)
Surface Manager

---

**Dhandha Savgadh Industrial Association**

C/o. Montage Laboratories Pvt. Ltd.
Dhandha, Idar Road, Ta. Himatnagar, Dist. Sabarkantha-383 001.
02772-222684
Estd.: 2015

| SECRETARY | PRESIDENT | TREASURER |
| --- | --- | --- |
| Ishaque Lala<br>Sehat Pharma Pvt. Ltd.<br>+91 9824049750<br>sehatpharma@gmail.com | Kantilal N. Shah<br>Montage Laboratories Pvt. Ltd.<br>+91 9824272733<br>knshah@montagelabs.com | Hardik Shah<br>Arihant Print Pack<br>+91 9429180650<br>arihant.printpack@gmail.com |

VICE-PRESIDENT: Saeed Lala, Pulse Pharma Mfg. Co., +91 9879082800
VICE-PRESIDENT: Jidesinh A. Parmar, Star Flexi Pack Pvt. Ltd., +91 9825698702
JOINT SECRETARY: Hakim H. Haradwala, Power Tech Solution, +91 9879681786
EXECUTIVE MEMBERS: Rafik Ahmed Sabugar, Pharma Lab Pvt. Ltd., +91 9825838138; Nisar Zankhawala, Madni Pulse Mill, +91 9427365265; Mahendra Bharva, Minerals Industries, +91 9825356806; Hamid Modasiya, Bharat Pulse Mills, +91 9426283021; Pappubhai Sharma, Manish Glass Trading, +91 9825171206; Naresh Patel, Ambica Traders, +91 9825070673; Vishnu Patel, Smruti Agencies, +91 9825522585

Ref. No. 11/2015
Date : 23/09/2015

પ્રતિ, નાયબ ઇજનેરશ્રી,
ઉત્તર ગુજરાત વિજ કંપની લિમીટેડ.
હાજીપુરા - હિંમતનગર

વિષય: સક્રિય કામગીરી માટે આભાર પત્ર.

મહેરબાન સાહેબ, શ્રી જે.બી. પ્રજાપતિ સા.
આપને જણાવવાનુ કે; અમારા એરીયાના મોન્ટેક ફીડર માં તા. ૧૯.૯.૨૦૧૫ તેમજ તા. ૧૯.૯.૨૦૧૫ ના રોજ અંબુજા ગાર્ડન પાસે અંબુજા ની ૩૩ કે.વી. ના થાંભલા માળીયાંમ હેઠળ તૂટી ગયેલ. જે બંને વખત આપના માર્ગદર્શન હેઠળ આપની ટીમે જે સક્રિય કામગીરી બજાવી છે. તે બદલ આપની સમગ્ર ટીમના એસો. વતી આપને તથા આપની સમગ્ર ટીમને અભિનંદન પાઠવુ છુ. આભારી છુ. તેમજ તે ઉપરાંત પણ આપના તથા આપના વિભાગના તમામ જી.ઇ.બી. પરિવારનો કાયમ માટે સાથ-સહકાર મળતો રહે છે. તે બદલ પણ સમગ્ર એસો. આભારી છે.

આપનો આભારી
Dhandha Savgadh Industrial Association
President

In.No. 19126 Dt. 24-9-15
UGVCL R&C Off. Meh...
EA-CHM, EA-MD, CS, GM(F), COA, DGM (HR), PO, IRO, SE CCC, CE(OP), CE(P&P), ACE(T), ACE(P&P), SE(T)/RE, SE(Vigi), SE(Com), Legal, CCC

cc call

કોપી રવાના:
1. ઉત્તર ગુજરાત વિજ કંપની, મહેસાણા.
2. મુખ્ય અધિકારીશ્રી, ઉત્તર ગુજરાત વિજ કંપની, મોતીપુરા હિંમતનગર

---

**ભારતીય કિસાન સંઘ**

**બનાસકાંઠા જિલ્લા**

**સન્માન પત્ર**

॥ कृषिमित् कृषस्व ॥

બનાસકાંઠા જિલ્લામાં તા.૨૬ જુલાઈ, ૨૦૧૫ થી તા.૨૮ જુલાઈ, ૨૦૧૫ દરમિયાન અતિવૃષ્ટિ પૂર હોનારતના વિકટ સમયમાં ધરતીપુત્રોને થયેલ તારાજીમાં આપશ્રીએ પોતાની આગવી સૂઝથી નિષ્ઠાપૂર્વક ફરજ નિભાવી ખેડૂત સમુદાયને આ દુઃખદ કપરા સમયમાંથી ઉગારવા જે અથાગ પ્રયત્ન કરેલ છે, તે બદલ ભારતીય કિસાન સંઘ - બનાસકાંઠા જિલ્લા દ્વારા માન. પી. સી. શાહ સાહેબ કાર્યપાલક ઈજનેર ડીસા વિભાગ-૨ આ સન્માનપત્ર આપી સન્માનિત કરવામાં આવે છે.

ભીખાભાઇ હીરાભાઇ ભુટકા
મંત્રી
ભારતીય કિસાન સંઘ, બ.કાં.

ફુરાભાઇ જે. પટેલ
પ્રમુખ
ભારતીય કિસાન સંઘ, બ.કાં.





**શ્રી ઘનશ્યામ પટેલ**
એક્ઝિક્યુટિવ એન્જિનીયર, લાયઝન ઓફિસ, ગાંધીનગર

## ખરતું પાંદડું

એક ખરતું પાંદડું, ને એક ફૂટતી કૂંપળ,
સરકતા સમયમાં વૃક્ષ વિહ્વળ બની ગયું.

કોઈ ગયું, કોઈ આવ્યું સ્થિર આ જગતમાં,
અટવાયું એ એવું, શી ચિંતાએ ચડી ગયું.

હાસ્ય હસી પડ્યું અને સ્મિત છૂટી પડ્યું,
અહીં વિલાપનું વાદળ વરસી પડ્યું.

સમજણ અધૂરી કે પરભારી પળોજણ,
સમયને આંબી જવાનું અઘરું પડ્યું.

એ ફૂટતી કૂંપળ એ એજ ખરતું પાંદડું
સ્થિર એવા વૃક્ષને કેવું હલાવી ગયું.

## અભરખા

શબ્દો શૂન્યમાં શમી ગયાં,
ને આ શા પડઘા
આયખું ઊડી ગયું આખું,
ને આ શા અભરખા.

જળ ઝાંઝવાંનાં જાણ્યાં,
તોય આ શી ઝંખના.

નિંદર વેળા શું શું સોણલાં,
તે આ દિ' ઊગે શું દેખવાં.

પથ્થર પણ પીગળી ગયા,
તોય આ ફૂલને શી વેદના.

## કણસે કણ...

જળ થીજે ઠંડુગાર હિમ થાયે,
આગ થીજે ઓલવાતાં રાખ થાયે,

પ્રકાશ થીજે પળભર પડછાયે,
રાગ થંભે સૂરીલો ને કર્ણ પડઘાયે.

ટહુક ટહુક ટહુકાર થીજે એ ન ગમે,
ખેતરની પાળે પાણી થીજે ક્યારડે.

કણસલે કણસલે કણસે કણ,
પંખીડાં, આ ન ગમે,
તમે ચણજો ચણ...




---

સાતત્યપૂર્ણ, વિશ્વસનીય અને ગુણવત્તાસભર વીજપુરવઠો પૂરો પાડવા સમર્પિત

## ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ

# આપણું યુજીવીસીઓએલ

**આ અંક આપને કેવો લાગ્યો?**

આપનાં સૂચનો કે પ્રકાશન માટેની માહિતી, લેખ, કાવ્યો વગેરે આપ નીચેનાં ઇમેઇલ આઇડી પર મોકલી શકો છો.

cs@ugvcl.in
managercc@ugvcl.in
sanaik_41262@yahoo.co.in
cccell@ugvcl.com